
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 29 • Dt. 14-04-2025 • Monday • Rs.5-00 • • Page-4

### WHO ના પ્રમુખે ફરીથી આપી ચેતવણી

# દુનિયામાં વધુ એક મોટી મહામારી આવવાનો દાવો કરી વિશ્વભરની ચિંતા વધારી

વોશિંગ્ટન

વિશ્વમાં ગમે ત્યારે મહામારી આવી શકે છે. WHOના પ્રમુખે વિશ્વને આપેલી ચેતવણીથી ચિંતામાં વધારો થયો છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ના મહાનિર્દેશક ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયસસે દુનિયામાં વધુ એક મોટી મહામારી આવવાનો દાવો કરી વિશ્વભરની ચિંતા વધારી દીધી છે.

ડબ્લ્યુએચઓના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે ચેતવણી આપી કે અન્ય રોગચાળો અનિવાર્ય છે, એમ કહીને કે તે "સૈદ્ધાંતિક જોખમ નથી પરંતુ રોગચાળાની નિશ્ચિતતા છે." ફરી શરૂ થયેલી WHO મીટિંગમાં બોલતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી વૈશ્વિક આરોગ્ય સંકટ ગમે ત્યારે ત્રાટકી શકે છે, પછી ભલે તે ૨૦ વર્ષ પછી હોય કે આવતીકાલે. ઘેબ્રેયસસે તેના અંતિમ આગમન માટે તૈયાર રહેવાના મહત્વ પર ભાર મૂક્યો. "કોવિડ -૧૯ મહામારી હવે સંઘર્ષ અને ભૌગોલિક રાજકીય અને આર્થિક વિક્ષેપથી દૂરની યાદગીરી જેવો લાગે છે. પરંતુ આગામી રોગચાળો જ્યાં સુધી વસ્તુઓ શાંત ન થાય ત્યાં સુધી રાહ જોશે નહીં," તેમણે કહ્યું.

તેમણે મીટિંગમાં કહ્યું કે, અન્ય મહામારી આગામી ૨૦ વર્ષ કે તેથી વધુ સમયમાં થઈ શકે છે, અથવા તે કાલે થઈ શકે છે. પરંતુ તે થશે, અને કોઈપણ રીતે, આપણે તૈયાર રહેવું જોઈએ. આ કોઈ સૈદ્ધાંતિક જોખમ નથી; તે એક મહામારીની નિશ્ચિતતા છે. તેથી જ વિશ્વને WHO રોગચાળાના કરારને સમાપ્તિ રેખા પર લાવવા માટે તમારી સગાઈ અને નેતૃત્વની જરૂર છે."

"તમે જોયું છે કે કોવિડ-૧૯ મહામારીએ શું કર્યું. સત્તાવાર રીતે, ૭ મિલિયન લોકો માર્યા ગયા, પરંતુ અમે બિનસત્તાવારી અંદાજ ૨૦ મિલિયન હોવાનો અંદાજ લગાવીએ છીએ. અને માનવ ખર્ચની ટોચ પર, રોગચાળાએ વૈશ્વિક અર્થવ્યવસ્થામાંથી યુએસ ઈ ૧૦ ટ્રિલિયનથી વધુનો નાશ કર્યો," તેમણે નોંધ્યું.

WHOના વડાએ આશા વ્યક્ત કરી હતી કે WHO મહામારી કરાર પર વાતચીત દરમિયાન સર્વસંમતિ સધાઈ શકે છે. તેમણે ખાતરી આપી હતી કે "આ કરાર કોઈપણ રીતે કોઈપણ સભ્ય રાજ્યની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરશે નહીં. તેનાથી વિપરીતઃ તે રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય કાર્યવાહીને મજબૂત કરશે."

ડબ્લ્યુએચઓના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે ચેતવણી આપી હતી કે મહામારી "સૈદ્ધાંતિક જોખમ નથી પરંતુ મહામારીની નિશ્ચિતતા છે." ફરી શરૂ થયેલી WHO મીટિંગમાં બોલતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી વૈશ્વિક આરોગ્ય સંકટ ગમે ત્યારે ત્રાટકી શકે છે, પછી ભલે તે ૨૦ વર્ષમાં કે આવતીકાલે.

WHOના વડાએ વિશ્વને આગામી મહામારી માટે અગાઉથી તૈયારી કરવાની સલાહ આપી છે. તેમણે કહ્યું, "ભૌગોલિક રાજકીય અને આર્થિક સંકટને કારણે કોવિડ-૧૯ રોગચાળાની યાદશક્તિ ઓછી થઈ શકે છે.

પરંતુ આગામી રોગચાળો જ્યાં સુધી વસ્તુઓ સામાન્ય ન થાય ત્યાં સુધી રાહ જોશે નહીં." તેમણે પુનરોચ્ચાર કર્યો કે અન્ય રોગચાળાનો સામનો કરવામાં "૨૦ વર્ષ કે તેથી વધુ સમય લાગી શકે છે, અથવા આપણે આવતીકાલે તેનો સામનો કરી શકીએ છીએ. પરંતુ તે ચોક્કસપણે થશે અને આપણે તેના માટે તૈયાર રહેવું જોઈએ. કારણ કે તે કોઈ શક્યતા નથી પરંતુ એક વાસ્તવિક ખતરો છે, જે આરોગ્ય અભ્યાસમાં સાબિત થયું છે."


### સહાયમાં કર્યો માતબર વધારો

# રાજ્યની નગરપાલિકાઓ માટે મુખ્યમંત્રીએ ખોલ્યો ખજાનો

## નવા નિર્માણ થનારા સેવાસદન ભવનોમાં લિફ્ટની સુવિધા સાથે સોલાર સિસ્ટમ અને વરસાદી પાણીના સંગ્રહની રેઈન વોટર સ્ટોરેજ સિસ્ટમ રાખવાની રહેશે

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓ માટે મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ નગરપાલિકાઓ સેવાસદનનું નિર્માણ કરી શકે તે માટે રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી સહાયમાં મોટો વધારો કર્યો છે. નગર સેવાસદનમાં પોતાના કામકાજ માટે આવતા નાગરિકોને વધુ સરળતા અને સુવિધા મળે તેવો જનસુખાકારીનો અભિગમ મુખ્યમંત્રીએ આ નિર્ણયમાં રાખ્યો છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અપાતી આ સહાયની રકમ વધારો કરવાના નિર્ણય સાથોસાથ એવો પણ નિર્ણય કર્યો છે કે, નગર સેવાસદનના નિર્માણમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો સહિતના લોકો માટે લિફ્ટની સુવિધા તથા ઊર્જા આત્મનિર્ભરતા અને વીજબિલમાં બચત માટે સોલાર સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે.

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપવા નવા નગર સેવાસદનના બાંધકામમાં વરસાદી પાણીના સંગ્રહની સિસ્ટમ પણ ઊભી કરવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીએ આપ્યાં છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા નિર્ણય અનુસાર રાજ્યની 'અ' વર્ગ તથા 'બ' વર્ગની નગરપાલિકાઓને હાલ નવું નગર સેવા સદન બનાવવા માટે આપવામાં આવતી રૂ. ૨ કરોડની સહાયમાં ત્રણ ગણા જેટલો વધારો કરવામાં આવ્યો છે.તદઅનુસાર 'અ' વર્ગની નગરપાલિકાઓને હવે નવું નગર સેવાસદન બનાવવા માટે રૂ. ૬ કરોડ તથા 'બ' વર્ગની નગરપાલિકાઓને રૂ. ૫ કરોડની સહાય રાજ્ય સરકાર આપશે.

રાજ્યની 'ક' અને 'ડ' વર્ગની નગરપાલિકાઓને પ્રવર્તમાન સ્થિતિએ નવું નગર સેવાસદન બનાવવા માટે રૂ. ૧ કરોડની સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરીને હવે 'ક' વર્ગની નગરપાલિકાઓને રૂ. ૪ કરોડ અને 'ડ' વર્ગની નગરપાલિકાઓને રૂ. ૩ કરોડ મળવાપાત્ર થશે.

એટલું જ નહિ, મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે, નગરપાલિકાઓના હયાત નગર સેવાસદનમાં રિપેરિંગ કે એક્સપાન્શન કરવા માટે જે-તે નગરપાલિકાઓને નવા નગરસેવાસદન બનાવવા માટે મળવાપાત્ર રકમના ૨૫ ટકા રકમ આ હેતુસર અપાશે.

### કર્ણાટકમાં મોટો નિર્ણય લેશે સરકાર?

# OBC અનામત ૩૨% થી વધારી ૫૧% કરવા માટેની ભલામણ

બેંગલુરુ : કર્ણાટકમાં જાતિ આધારિત વસ્તી ગણતરી પંચે રાજ્યમાં અન્ય પછાત વર્ગો (OBC) માટે અનામત વર્તમાન ૩૨%થી વધારીને ૫૧% કરવાની ભલામણ કરી છે. જો આ ભલામણ લાગુ કરવામાં આવે તો રાજ્યમાં કુલ અનામતનો આંકડો ૮૫% સુધી પહોંચી જશે. તેમાંથી, ૧૦% પહેલાંથી જ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે અને ૨૪% અનુસૂચિત જાતિ/જનજાતિ (SC/ST) માટે અનામત છે. પંચે પોતાની ભલામણોમાં કહ્યું હતું કે, હાલમાં જ હાથ ધરાયેલા સામાજિક-આર્થિક અને શૈક્ષણિક સર્વે અનુસાર, કર્ણાટકની વસ્તીમાં ઓબીસી વર્ગનો હિસ્સો લગભગ ૭૦ ટકા છે. પંચે વસ્તીના રેશિયોના આધારે અનામત લાગુ કરવાની વાત કરી છે. જેથી સરકારી સુવિધાઓ અને તકોના સમાન વિત્તારણ થઈ શકે. પંચના સર્વે રિપોર્ટમાં પછાત વર્ગની સંખ્યા ૬૯.૬ ટકા છે. તેમ છતાં રાજ્યમાં અડધાથી વધુ ઓછી વસ્તીને અનામતનો લાભ મળી રહ્યો છે. જો વસ્તીના આધારે અનામત આપવામાં ન આવી તો સરકારી સુવિધાઓ સમાન ધોરણે લોકો સુધી પહોંચી શકશે નહીં. ઉલ્લેખનીય છે, સર્વેની શરૂઆત ૨૦૧૫માં એચ. કંથરાજ દ્વારા થઈ હતી. ત્યારબાદ કર્ણાટક રાજ્ય પછાત વર્ગ પંચના અધ્યક્ષ જયપ્રકાશ હેગડેએ તેને પૂર્ણ કર્યો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૪માં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને રિપોર્ટ સોંપ્યો હતો. પંચે ભલામણ કરી હતી કે, રાજ્ય સરકાર નોકરી અને શિક્ષણમાં હોરિઝોન્ટલ રિઝર્વેશન લાગુ કરે. આ નીતિ હેઠળ મહિલાઓ, દિવ્યાંગો અને અન્ય વિશેષ ક્લાસના દરેક અનામત વર્ગને અલગથી ક્વોટા મળે. જેમ કે, ઓબીસી વર્ગની મહિલાઓ અને દિવ્યાંગોને અલગથી અનામત આપવામાં આવે. આ જાતિ આધારિત વસ્તી ગણતરી રિપોર્ટ ફેબ્રુઆરી, ૨૦૨૪માં સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેને ગત શુક્રવારે સિદ્ધારમૈયાના કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સરકાર આ રિપોર્ટ પર ચર્ચા કરવા ૧૭ એપ્રિલે ખાશ કેબિનેટ બેઠકનું આયોજન કરશે.

*તંત્રીની કલમે...............*

# અધિવેશનમાં ફીફાં ખાંડતી કોંગ્રેસ


Editor- Nilay H. Mehta

ગુજરાતમાં આયોજિત બે દિવસીય કોંગ્રેસ અધિવેશનમાં રાહુલ-ખડગેનાં એનાં એ જ ચવાયેલાં નિવેદનો જોઈ લાગી રહ્યું છે કે કોંગ્રેસે અધિવેશનમાં ફીફાં ખાંડ્યાં. કોંગ્રેસને કઈ રીતે બેઠી કરવી એના પર વિચાર કરવાને બદલે એ જ ભાજપ, આરએસએસ પર આરોપો, ઈવીએમને સુપ્રીમની ક્લીનચિટ છતાં ધરાર ઈવીએમનો વિરોધ, વક્ફ જેવા અન્યાયી કાયદામાં સુધારણાનો વિરોધ વગેરે. ટૂંકમાં કોંગ્રેસની રાજનીતિ ભાજપ-મોદી વિરોધની આસપાસ જ ફરી રહી છે. અધિવેશનમાં વિચારધારા સાથે કોઈ સમજૂતી નહિ કરવા પર ઘણો ભાર મૂકવામાં આવ્યો, જેનાથી એ સવાલ ઉઠવા લાગ્યા કે હવે પાર્ટીની કઈ વિચારધારા છે? જો આ વિચારધારા વિશુદ્ધ રાજકીય છે, તો પાર્ટી પર પરિવારવાદને ઉત્તેજન આપવાના આરોપ કેમ લાગતા રહે છે? અને જો ગાંધીજીના રસ્તે જવું વૈચારિક સમૃદ્ધિ છે, તો કોંગ્રેસમાં કેટલી હદ સુધી સમાવેશિતા છે? વિચારધારાના નામે રાહુલ ગાંધી આજકાલ જાતિગત જનગણનાની વકીલાત કરતા રહે છે, તેઓ ઓબીસી, દલિત અને મુસ્લિમની વાત કરે છે. ઇન્દિરા ગાંધીના જમાનામાં ઉચ્ચ વર્ગ, મુસ્લિમ અને દલિત કોંગ્રેસની વોટબેંક હતી. હવે રાહુલ ગાંધીની નજરો ટકી છે ઓબીસી પર. સાથે જ તેઓ દેશના ઉદ્યોગપતિઓને પણ લપેટામાં લઈ રહ્યા છે. તેનાથી અનુમાન લગાવી શકાય છે કે તેઓ કોંગ્રેસને કઈ દિશા આપવા માગે છે.

ઇન્દિરા ગાંધીએ એક વખત 'ગરીબી હટાઓ'નો નારો આપીને વોટ ઉસેટ્યા હતા. જૂના નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢીને પોતાનો પ્રભાવ જમાવ્યો અને બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવા અને સાલિયાણાં બંધ કરવાનું કામ કર્યું, ત્યારે જનતા એ બધું સમજતી હતી, પરંતુ આજે જાતિગત જનગણના પાછળનું રાજકારણ લોકોને ખબર છે. એવું ન હોત તો ઓબીસીના વોટ કોંગ્રેસને જ મળતા. ૨૦૨૪માં દલિતોએ કોંગ્રેસના બંધારણ બદલી નાખશે અને અનામત ખતમ કરી દેશે એવા જૂઠાણાથી પ્રેરાઈને તેને મત આપ્યા હતા. પરંતુ એવું કશું થયું નહીં, તેથી દલિત હવે કેટલા કોંગ્રેસ સાથે છે તે સ્પષ્ટ નથી. દલિતોમાં નેતૃત્વ શૂન્યતાની સ્થિતિ છે, જેને કોંગ્રેસ પકડવાની કોશિશ કરી રહી છે, પરંતુ એ કઈ રીતે થશે તેને લઈને કશી સ્પષ્ટતા નથી.

આ બધા સાથે એક મહત્ત્વનો મુદ્દો છે સંગઠનનો. છેલ્લા કેટલાય વર્ષોમાં કોઇપણ રાજ્યમાં કોંગ્રેસ પોતાનું સંગઠન મજબૂત નથી બનાવી શકી. કર્ણાટક, તેલંગણા અને હિમાચલ પ્રદેશમાં ચોક્કસ તેની સરકારો છે, પરંતુ કર્ણાટક અને તેલંગણામાં તેના પર તલવાર લટકી રહી છે, જ્યારે હિમાચલમાં પણ આગામી વખતે સત્તા પરિવર્તનની વાત કહેવાઈ રહી છે. તેથી કોંગ્રેસ જ્યાં સુધી પોતાનું સંગઠન સ્થાનિક સ્તર પર મજબૂત નહીં કરે, પોતાની વિચારધારાને જમીન પર લાગુ નહીં કરી શકે.

દિલચસ્પ છે કે જે ગુજરાતમાં તેનું આ અધિવેશન થયું, ત્યાં તે ત્રણ દાયકાથી પણ વધારે સમયથી સત્તાથી દૂર છે. બંગાળમાં તે ૧૯૭૭થી સત્તામાં નથી આવી, જ્યારે તમિલનાડુમાં પણ પાંચ દાયકા થઈ ગયા છે. જો મોટાં રાજ્યમાં તે દાયકાઓથી સત્તામાં પણ ન પહોંચી હોય, તો નવી આબાદી તેની સાથે કેવી રીતે જોડાય, જ્યારે ભારત યુવાઓનો દેશ છે અને અહીંની ૬૫ ટકા આબાદી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. જો આવી જ સ્થિતિ ચાલુ રહી તો કોંગ્રેસ એક દિવસે ઇતિહાસ બની જશે,


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


# રાજકોટના દિવ્યાંગ વિપુલભાઈએ વડાપ્રધાન મોદીને લખ્યો પત્ર

## રાજકોટના દિવ્યાંગ વિપુલભાઈ પીત્રોડાએ દીકરીની કિડનીની સારવાર માટે પીએમ આયુષ્યમાન યોજના હેઠળ ફ્રી સારવાર મેળવી



રાજકોટ

રાજકોટના દિવ્યાંગ દંપતીએ પોતાની દીકરીની પ્રધાનમંત્રી આયુષ્યમાન પ્રધાનમંત્રી યોજના અંતર્ગત ફ્રીમાં સારવાર કરાવી હતી. જે બાદ દીકરીના પિતા વિપુલભાઈ પીત્રોડાએ પીએમ મોદીને આભાર માનતો પત્ર લખ્યો હતો. આ પત્રના જવાબમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રાજકોટના દિવ્યાંગ વિપુલભાઈ પીત્રોડાને પત્રનો જવાબ આપવામાં આવ્યો હતો. આ પત્ર જોઈને પરિવારની ખુશી બેગણી થઈ ગઈ હતી. વિપુલભાઈ પિત્રોડા નામના વ્યક્તિને પ્રધાનમંત્રી દ્વારા પત્ર લખી વળતો જવાબ આપવામાં આવ્યો હતો. વિપુલભાઈ પિત્રોડા પ્રધાનમંત્રીનો આભાર માનવા માટે પત્ર લખવામાં આવ્યો હતો. તેમની પુત્રી દર્શિ પિત્રોડાને કિડનીની બીમારી હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં પ્રધાનમંત્રી આયુષ્યમાન પ્રધાનમંત્રી યોજના અંતર્ગત ફ્રીમાં સારવાર મળી હતી ત્યાં સારી સારવાર મળતા વિપુલભાઈએ પ્રધાનમંત્રી નો આભાર માનવા માટે લખ્યો હતો પ્રધાનમંત્રીએ વળતા પત્રમાં શું લખ્યું એ જોઈએ. આપનો પત્ર મળ્યો અને જાણવા મળ્યું કે, મા અમૃતમ કાર્ડની મદદથી દીકરીનું ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું છે. માતા પિતા માટે બાળકના આરોગ્યની ચિંતા કેટલી હોય એ સમજી શકાય છે. ગુજરાત સરકાર દ્વારા ઓપરેશન અને તે પછી દવાઓની નિશુલ્ક સુવિધા ઉપરાંત અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર અને કર્મચારી પ્રત્યે આપી વ્યક્ત કરેલી આભારની લાગણી આરોગ્ય સેવા પ્રત્યે સરકાર પ્રતિબધતાનો પડઘો છે. આપની જેમ કરોડો લાભાર્થીઓને મા અમૃતમ કાર્ડ ના ફાયદા મળ્યા છે અમે દરેક જરૂરિયાતવાળા પરિવારને આરોગ્ય આવાસ અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધા આપવાના લક્ષ્ય માટે પ્રતિબંધ છીએ એ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છીએ.સરકાર લોકકલ્યાણની વિવિધ યોજના દ્વારા દેશવાસીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રમાણિક પ્રયત્ન કરી રહ્યા છે. આપ જેવા લાભાર્થીઓના જીવનમાં આવેલા યાદગાર પ્રસંગો મને રાષ્ટ્રીય સેવામાં થાક્યા વગર અટક્યા વગર નિરંતર કાર્યકર્તા રહેવાની ઉર્જા આપે છે. મને આશા છે કે, સરકાર દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો આપ આ રીતે લાભ લેતા રહેશો અને અન્ય જરૂરિયાતવાળા લોકોને પ્રેરિત કરશો. ફરી આપને અને આપના પરિવારને શુભકામના, આપ સૌના નિરામય અને ઉજવળ ભવિષ્ય માટે શુભ કામના. લિ નરેન્દ્ર મોદી

# એટીએમ કાર્ડ બદલી ગઠીયો ૪૦,૦૦૦ ની રકમ ઉપાડી ગયો

## એટીએમ કાર્ડ બદલી નાખી પાસવર્ડ જાણી લીધા બાદ ખાતામાંથી રૂપિયા ચાલીસ હજાર ઉપાડી લીધાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે

જામનગર,

જામનગર નજીક બેડમાં રહેતો એક યુવાન પોતાની માતાની સારવાર કરાવવા માટે જામનગર આવ્યો હતો, અને એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા માટે એક શખ્સની મદદ લેતાં છેતરપિંડીનો શિકાર બન્યો છે. જેણે એટીએમ કાર્ડ બદલી નાખી પાસવર્ડ જાણી લીધા બાદ ખાતામાંથી રૂપિયા ચાલીસ હજાર ઉપાડી લીધાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગતો એવી છે કે જામનગર તાલુકાના બેડમાં રહેતો દીપક તુલસીભાઈ સોનગરા નામનો ૪૬ વર્ષનો યુવાન પોતાની માતાની સારવાર કરાવવા માટે જામનગર આવ્યો હતો, અને ઓશવાળ હોસ્પિટલમાં માતાને દાખલ કર્યા પછી પૈસાની જરૂરિયાત ઊભી થતાં નજીકમાં જ આવેલા બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા માટે ગયો હતો, જે દરમિયાન એટીએમ મશીન પાસે ઉભેલા એક યુવાનની મદદ લીધી હતી.

જેણે પૈસા ઉપાડવામાં મદદ કરતી વખતે પૈસા ગણવામાં રોકી રાખી તેનું એટીએમ કાર્ડ બદલી નાખ્યું હતું, અને સાથે સાથે પાસવર્ડ પણ જાણી લીધો હતો.

ત્યારબાદ દિપક સોનગરા હોસ્પિટલમાં જતાં થોડીવારમાં તેના ખાતામાંથી કટકે કટકે બે વખત વીસ-વીસ હજાર રૂપિયાની રકમ ઉપડી લીધાનું ધ્યાનમાં આવ્યું હતું જેથી તેણે તરત જ બેંકનો સંપર્ક સાધ્યો હતો. જે દરમિયાન બેંક અધિકારીએ તેનું એટીએમ કાર્ડ બદલી ગયું હોવાનું જણાવ્યું હતું. અને એટીએમ મશીન પાસેના સીસીટીવી કેમેરામાં શખ્સ દ્વારા એટીએમ કાર્ડ બદલી નાખ્યાનું ધ્યાનમાં આવ્યું હતું. જેણે બોગસ એટીએમ કાર્ડ આપીને બેડના યુવાનના કાર્ડનો ઉપયોગ કરી ખાતામાંથી પૈસા ઉપાડી લીધા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

જેથી આ મામલો સિટી એ. ડિવિઝન પોલીસ પથકમાં લઈ જવાયો છે, અને અજ્ઞાત શખ્સ સામે ફરિયાદ નોંધાવતાંપ પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી તેની ઓળખ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

### હવામાન વિભાગની ચેતવણી

# રાજ્યના ૧૨ જિલ્લામાં ભારે પવન સાથે માવઠાનું સંકટ

## સુરત, નર્મદા, ડાંગ, નવસારીમાં માવઠાની આગાહી, તાપી, દમણ,અમરેલી, ભાવનગરમાં માવઠાનું અનુમાન

અમદાવાદ

હવામાન વિભાગે રાજયના ૧૨ જિલ્લામાં આજે પણ માવઠાની શક્યતા વ્યક્ત કરી છે. અમદાવાદ સહિત ૧૨ જિલ્લામાં હળવા વરસાદનનું અનુમાન છે. સુરત, નર્મદા, ડાંગ, નવસારીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. તાપી, દમણ,અમરેલી, ભાવનગરમાં પણ માવઠાનું અનુમાન હવામાન વિભાગે વ્યક્ત કર્યું છે.આ સિવાય બોટાદ-ભરૂચ-આણંદના કેટલાક વિસ્તારમાં છુટછવાયો હળવો વરસાદ થઇ શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૧૫ એપ્રિલ સુધી રાજયમાં ૩૦થી ૪૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઇ શકે છે.

જિલ્લામાં હળવા વરસાદની આગાહી કરી છે. આ જિલ્લામાં પણ સાર્વત્રિક નહિ પરંતુ છુટછવાયો વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગના આંકલન મુજબ હાલ ગુજરાતમાં એન્ટીસાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે પવનની ગતિ વધી છે, તો બીજી અન્ય રાજ્યો પર બનેલી વરસાદી સિસ્ટમના કારણે વાતા ઠંડા પવનની અસરથી ગુજરાતના તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થતાં લોકોએ ગરમીથી રાહત અનુભવી છે. જો કે ૧૫ એપ્રિલ મંગળવારથી ફરી એકવાર તાપમાનનો પારો થી ૪ ડિગ્રી ઉંચે જાય તેવી શકયતા જોવાઇ રહી છે. જેના પગલે ૧૫ એપ્રિલ મંગળવારથી ફરી એકવાર રાજયના મોટાભાગના વિસ્તારમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર જઇ શકે છે. અન્ય રાજ્યોની વાત કરીએ તો ૧૬ એપ્રિલથી રાજધાની અને દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ફરી એકવાર ગરમીનું મોજું ફરી વળશે. હિટવેવની સ્થિતિ લોકોને વધુ પરેશાન કરશે. આની સાથે ધૂળભરી આંધીની પણ સંભાવના છે. ૧૬-૧૮ એપ્રિલ સુધી હીટવેવ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સમય દરમિયાન, જમીનની સપાટી પર ૨૦ થી ૩૦ કિલોમીટરની ઝડપે ભારે પવન ફૂંકાશે. જેના કારણે હવામાં ધૂળ પણ રહેશે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૨ થી ૨૫ ડિગ્રીની વચ્ચે રહી શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ રવિવારથી ગરમી વધવા લાગશે. આંશિક વાદળછાયું વાતાવરણ વચ્ચે બફારો અનુભવાશે. મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી હોઈ શકે છે. ૧૪ અને ૧૫ એપ્રિલે આકરી ગરમી પડશે. આકરો તાપ અગન વર્ષાનો અનુભવ કરાવશે. આકાશ સ્વચ્છ હશે. મહત્તમ તાપમાન ૩૮ થી ૪૧ ડિગ્રી સુધી વધી શકે છે. લઘુત્તમ તાપમાન પણ ૨૧ થી ૨૪ ડિગ્રીની આસપાસ રહી શકે છે.

# ધંધામાં નુકસાન જતાં આઈટી એન્જિનિયર યુવક બન્યો ચોર

## ભેજાનો ઉપયોગ કરીને આરોપીએ એટીએમ કાર્ડની ચોરી કરવાનું શરૂ કર્યું હતું અને તેમાંથી રૂપિયા ઉપાડવા લાગ્યો

અમદાવાદ

ધંધામાં કરોડો રૂપિયાનું નુકસાન જતાં આઈટી એન્જિનિયર યુવક ગુનાખોરીના રવાડે ચઢ્યો હતો. ભેજાનો ઉપયોગ કરીને આરોપીએ એટીએમ કાર્ડની ચોરી કરવાનું શરૂ કર્યું હતું અને તેમાંથી રૂપિયા ઉપાડવા લાગ્યો હતો. જો કે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે પોલીસે તેને ઝડપી પાડ્યો છે અને તેની પાસેથી ચોરીના ૧૭૬ જેટલા ડેબિટ કાર્ડ પણ કબ્જે કર્યા છે.

યેન કેન પ્રકારે કોઈપણ વ્યક્તિનું ડેબિટ કાર્ડ પડાવી લીધા બાદ તેમાં અંદાજ મુજબ પિન નંબર નાંખીને રૂપિયાની ઉઠાંતરી કરતા એક શખ્સની કાગડાપીઠ પોલીસે ધરપકડ કરી છે.

પોલીસે મૂળ બેંગ્લોરના અને સુરતમાં સ્થાયી થયેલ અમિત જૈન નામના આરોપીની ધરપકડ કરીને તેની પાસેથી અલગ અલગ બેંકના ૧૭૬ જેટલા ડેબિટ કાર્ડ કબ્જે કર્યા છે. આરોપી અમિત જૈન જ્યાં એટીએમ સેન્ટર પર વધારે લોકોની અવરજવર હોય ત્યાં વોચ રાખતો હતો. કોઈપણ વ્યક્તિ એટીએમ કાર્ડ ભૂલી જાય અથવા તો કોઈને મદદ કરવાના બહાને કાર્ડ મેળવી લેતો હતો. ત્યારબાદ તેનો ઉપયોગ કરીને અંદાજ મુજબ પિન નંબર નાંખતો હતો. અને જો સફળ થાય તો તેમાંથી રૂપિયાની ઉઠાંતરી કરી લેતો હતો.

આરોપી પિન નંબર માટે કાર્ડ પર લખેલા નામ પરથી અંદાજ લગાવતો હતો અથવા તો જે નામ હોય તેના પરથી સોશિયલ મીડિયા પર પ્રોફાઈલ ચેક કરતો હતો. જેમાંથી તે જે તે વ્યક્તિની જન્મ તારીખ મેળવતો, વ્હીકલ સાથેના ફોટો હોય તો તેના રજીસ્ટ્રેશન નંબરના આધારે કોમ્બિનેશન કરીને અંદાજિત પિન નંબર નાંખતો હતો.

આરોપી કેટલાક વર્ષ અગાઉ બુલિયનમાં સોનાની લે-વેચનું કામ કરતો હતો. પરંતુ તેમાં તેને કરોડો રૂપિયાનું નુકસાન જતાં શોર્ટકટથી રૂપિયા કમાવવા માટે આ કીમિયો શોધી કાઢ્યો હતો. અમદાવાદમાં તે હોટલમાં રહેતો હતો અને ચોરીના બનાવને અંજામ આપતો હતો.

આરોપી અમિત જૈને આઈટી એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો છે. આ અગાઉ તે સીડીએમએ મોબાઈલ રીપેરીંગનું કામ કરતો હતો. પરંતુ આ મોબાઈલ બંધ થઈ જતાં તેણે બુલિયનમાં સોનાના લે-વેચનો ધંધો શરૂ કર્યો હતો.

આરોપી અગાઉ પણ વર્ષ ૨૦૨૨માં અમદાવાદ સાયબર ક્રાઈમમાં આ પ્રકારની મોડસ ઓપરેન્ડીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. હાલમાં પોલીસે આરોપીની ધરપકડ કરીને તેણે કેટલા રૂપિયાની ઉઠાંતરી કરી છે તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# ગારિયાધારમાં આધેડે તેમજ જામનગરમાં યુવકે ઝેરી દવા પીધી

ભાવનગર

રાજ્યમાં આપઘાતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને સમયાંતરે વિવિધ કારણોસર જીવન ટૂંકાવવાનાં બનાવો સામે આવી રહ્યાં છે. આ દરમિયાન ભાવનગર અન જામનગરમાં આપઘાતની ઘટના સામે આવી છે. ભાવનગરના ગારિયાધારમાં આધેડે ઝેરી દવા પીને પોતાના શરીર પર આગ ચાંપી દીધી હતી. જ્યારે જામનગરના લાલપુરમાં વ્યાજખોરોના ત્રાસથી યુવકનો આપઘાત કર્યો હતો.

મળતી માહિતી અનુસાર, ભાવનગરના ગારિયાધારમાં રમેશ મકવાણાએ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. તેમણે પહેલા ઝેરી દવા પીધી હતી અને બાદમાં પોતાના શરીર પર જાતે જ આગ ચાંપીને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ગારિયાધાર તાલુકાના સાંઢખાખરા અને ચોંડા રોડ પર બળેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ઘટના સ્થળે જઈને તપાસ હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

બીજી તરફ જામનગરના લાલપુરમાં ઝાખર ગામની સીમમાં લાલપુરના ઝાખર ગામની સીમમાં યુવકે દવા પી જીવન ટૂંકાવ્યું હતું. વ્યાજખોરોના ત્રાસથી યુવકનો આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. હાલ આ સમગ્ર મામલે પોલીસે ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

# કોંગ્રેસ બાદ AAP નો ગુજરાતમાં માસ્ટરસ્ટ્રોક

વિસાવદર

ગુજરાત મોડલનું બ્રાન્ડિંગ ભાજપે કર્યુ હતું. હવે સ્થિતિ એવી છે કે, દેશની મોટાભાગની રાજકીય પાર્ટીઓ ગુજરાતમાં સક્રિય બની ગઈ છે. એક તરફ કોંગ્રેસે પરિવર્તનનું બ્યૂગલ ફૂંકી દીધું છે. તો બીજી તરફ, આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં સક્રિય બની ગઈ છે. તેમાં પણ વિસાવદરની પેટાચૂંટણી માટે માર્ગ મોકળો થતાં રાજકીય પક્ષો ગુજરાતમાં કૂદાકૂદ કરી રહ્યાં છે. આ વચ્ચે આમ આદમી પાર્ટીએ વિસાવદર ખાતે કાર્યકર્તા મહાસંમેલન યોજ્યું હતું.

વિસાવદર ખાતે આમ આદમી પાર્ટીએ પ્રદેશ કાર્યકર્તા મહાસંમેલન યોજ્યું હતું. જેમાં ગુજરાતના પ્રભારી ગોપાલ રાય, સહ પ્રભારી ગુલાબસિંહ યાદવ, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા અને વિસાવદરના ઉમેદવાર ગોપાલ ઈટાલીયા સહિતના નેતાઓ તથા મોટી સંખ્યામાં આપના કાર્યકર્તાઓ મહાસંમેલનમાં ઉપસ્થિત રહેશે. વિસાવદરમાં ભાજપના મુખ્યમંત્રીના કાર્યક્રમ બાદ બે જ દિવસમાં આમ આદમી પાર્ટીનો કાર્યક્રમ યોજાયો છે.

વિસાવદરની પેટાચૂંટણી માટે માર્ગ મોકળો થતાં રાજકીય પક્ષો સક્રિય થયા છે. ત્યારે આમ આદમી પાર્ટીના પૂર્વ કેબિનેટ મંત્રી અને ગુજરાતના પ્રભારી ગોપાલ રાયે કહ્યું કે, આજે કાર્યકર્તા મહાસંમેલનમાં સંકલ્પ લેવાયો છે. ગુજરાતમાં ભાજપ સરકારના અત્યાચારને બદલવાનો છે, પરિવર્તનની લડાઈની આજથી શરૂઆત થઈ છે.

આગામી દિવસોમાં ૨૬ લોકસભા અને ૧૮૨ વિધાનસભા બેઠક પર પ્રભારીની નિયુક્તિ કરવામાં આવશે, જે સંગઠન નિર્માણનું કામ કરશે. આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ગુજરાતની તમામ બેઠકો પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે. ભાજપના ડરના સામ્રાજ્યને બદલવા પરિવર્તન અભિયાન કરશે.

ગુજરાત દિને આમ આદમી પાર્ટીનો કાર્યક્રમ

૧ મે ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે આમ આદમી પાર્ટી પરિવર્તન અભિયાનની શરૂઆત કરશે.

૧ લી મે અમદાવાદ થી આમ આદમી પાર્ટી પરીવર્તન અભિયાન શરૂ કરશે

૧ લી મે ના રોજ ગુજરાતમાં આમ આદમી પાર્ટી કરશે ઉપવાસ, રામધૂન કરશે

કોંગ્રેસ સાથે ગઠબંધનને લઈને આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીનું નિવેદન સામે આવ્યું છે.

તેમણે કહ્યું કે, લોકસભાની ચૂંટણી વખતે દેશ બચાવવાની વાત સાથે અમે કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું હતું, એ સમયે વિસાવદર આપના ભાગે અને બીજી બેઠક કોંગ્રેસને ભાગે હતી. અમને વિશ્વાસ છે કોંગ્રેસ તેના વચન સાથે ઉભી રહેશે.

### રજાઓમાં ભારે ભીડ ઉમટતા નાવડીઓ ખૂટી

# મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા રસ્તાઓ બંધ કરી દેવાયા

## રામપુરા કીડી મકોડી ઘાટ જવા માટે રાત્રિથી જ રસ્તાઓ બંધ કરાયા : પરિક્રમાવાસીઓ પરિક્રમા કર્યા વગર પરત ફર્યા



નર્મદા

હાલ નર્મદા ઉત્તરવાહિની પરિક્રમાનો મહાઉત્સવ ચાલી રહ્યો છે. ત્યારે આ પરિક્રમામાં શનિવારથી મોટી અડચણ આવી છે. મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડતા રસ્તાઓ બંધ કરી દેવાયા છે. જેથી હજારો પરિક્રમાવાસીઓ પરિક્રમા કર્યા વગર પરત ફરી રહ્યાં છે.

નર્મદા ઉતરવાહિની પરિક્રમામાં કીડીયારું ઉભરાયું છે. શુક્રવારથી સોમવાર સુધી રજા હોઈ પરિક્રમા કરવા માટે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. રામપુરા કીડી મકોડી ઘાટ જવા માટે રાત્રિથી જ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. હજારો પરિક્રમાવાસીઓ પરિક્રમા કર્યા વગર પરત ફર્યા છે.

આ વર્ષે તંત્ર દ્વારા આગોતરી વ્યવસ્થાઓ સારી કરવામાં આવી છે. પરંતુ અચાનક પબ્લિક વધી જતા વ્યવસ્થાઓ ઓછી પડી હતી. તંત્ર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે બસ સેવાની માંગ કરી છે. રેંગણ ઘાટ ખાતેથી પરિક્રમાવાસીઓને નદીની સામે પાર લઈ જવા માટે નાવડીઓ ઓછી પડી છે.

તો બીજી તરફ, લોકો દ્વારા રસ્તા પર વાહનો પાર્ક કરી દેવામાં આવ્યા છે. ઉત્તરવાહીની પરિક્રમામાં જિલ્લા વહીવટીતંત્ર સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્ર ખડેપગે છે. રેંગણ ઘાટ પર ભીડ વધી જતાં ભીડ ઓછી કરવા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ૧૩ મિની બસ સેવામાં મૂકાઈ છે. હાલ રેંગણ ઘાટથી શ્રધ્ધાળઓને SOU ની બસ દ્વારા ભાદરવા ગામ સુધી લાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જીના અધિકાઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર થયા છે.

ઉત્તારવાહીની પરિક્રમા રામપુરા, કીડીમકોડી ઘાટ, રણછોડરાયના મંદિરથી પ્રારંભ થઈને માંગરોળ, ગુવાર, શહેરાવ, તિલકવાડા ઘાટ, રેંગણ-વાસણ ગામ થઈને નર્મદા નદી બોટ મારફત પાર કરી પરત રામપુરા ઘાટ પર સ્નાન કરીને પરિક્રમા અંદાજે ૧૪ કિ.મી. પૂરી થાય છે. ચૈત્ર માસમાં ૨૯મી માર્ચ-૨૦૨૫ થી ૨૭મી એપ્રિલ-૨૦૨૫ સુધી એક મહિનો આ પરિક્રમા યોજાનાર છે જેમાં હજારો લાખોની સંખ્યામાં ભાવિકો શ્રદ્ધાળુઓ આ પગપાળા પરિક્રમા કરે છે અને પરિક્રમાના રૂટમાં આવતા પ્રાચીન મંદિરો, આશ્રમોના દર્શન પ્રસાદનો લાભ લે છે.

પરિક્રમા વહેલી સવારથી શરૂ થાય છે અને રાત્રી દરમિયાન પણ પદયાત્રા ભાવિકો અનુકૂળ સમય પરિક્રમા કરી શકે છે. પરિક્રમાના સમગ્ર રૂટ ઉપર લાઈટ, પાણી, બેસવાની વ્યવસ્થા, ડોમ, ચાર ઘાટ પર બેરિકેટીંગ, સીસીટીવી કેમેરા, છાયડો, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા, પોલીસ બંદોબસ્ત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સેવા કેન્દ્રો, સ્ટોલ, ટોયલેટ સુવિધા સ્નાન માટે બાથરૂમ, ફુવારા વગેરે વ્યવસ્થા પણ ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂા.૩.૮૨ કરોડના ખર્ચે ઉભી કરવામાં આવી છે આકર્ષક કમાનવાળા ગેટ, સાઈન બોર્ડની સુવિધા ટૂંકમાં પદયાત્રીને ક્યાંક મુશ્કેલી ન પડે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવાઈ છે.

# સાબરમતીમાં નહાવા પડેલા બે અમદાવાદી યુવક ડૂબ્યા

ગાંધીનગર

ગાંધીનગરથી ચોંકાવનારા સમચાર સામે આવ્યા છે. જેમાં રવિવારે (૧૩ એપ્રિલ) સાબરમતી નદીમાં નહાવા ગયેલા બે યુવકો ડૂબી ગયા છે. બંને યુવકો અમદાવાદના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. હાલ એકનો મૃતદેહ મળી ગયો છે અને અન્ય એકની શોધખોળ થઈ રહી છે.

અમદાવાદના ચાંદખેડાના રહેવાસી બે યુવકો વધતી ગરમીના પ્રકોપે ગાંધીનગરમાંથી પસાર થતી સાબરમતી નદીમાં નહાવા ગયા હતાં. આ દરમિયાન બંને યુવકો નદીમાં ડૂબી ગયા હતાં.

ઘટનાની જાણ થતા ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહ બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ૧૯ વર્ષીય આર્યન સિંહ રાજપૂતની લાશ મળી આવી આવી છે. આ સિવાય બીજો યુવક અંશ પડિતનો મૃતદેહ હજુ સુધી મળ્યો નથી. જેની શોધખોળ શરૂ છે. યુવકોના મોતથી પરિવારજનોમાં શોકનો માહોલ છે.

નોંધનીય છે કે, આજે પાટણમાંથી પણ આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં સરસ્વતી મોરપા ગામે તળાવમાં નહાવા પડેલા બે સગા ભાઈ-બહેનના મોત નિપજ્યા હતા. બાળકોના મોતથી પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા છે.

### ગુજરાતનો ઝોળીદાર વિકાસ

# નર્મદા જિલ્લામાં સાપ કરડતા પીડિતને ૧૦ કિ.મી. દૂર ઊંચકીને લઈ જવાયો

નર્મદા

વિકસિત ગુજરાતના બણગાં ફૂંકતી રાજ્ય સરકારના વિકાસની ફરી એકવાર પોલ ખૂલી ગઈ છે. નર્મદા જિલ્લાના ચાપટ ગામના પેટા ફળિયામાં રહેતા ઈસિદ્રભાઈને સાપ કરડતા રોડના અભાવે ઝોલીમાં નાંખીને દવાખાને લઈ જવા પડ્યા હતાં. આ ઘટના સામે આવ્યા બાદ નર્મદાનો ઝોળીદાર વિકાસ ફરી એકવાર સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લાના ચાપટ ગામના પેટા ફળિયામાં ઈસિદ્રભાઈ વસાવાને સાપ કરડ્યો હતો. સાપ કરડ્યા બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. પરંતુ, રસ્તાના અભાવે એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકે તેમ ન હતી. તેથી, આશરે ૧૦ કિ.મી સુધી ઈસિદ્રભાઈને ઝોળીમાં નાંખીને મુખ્ય રોડ સુધી લાવવામાં આવ્યા. મુખ્ય માર્ગ પરથી બાદમાં તેમને ખાનગી વાહનમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. હાલ, હોસ્પિટલમાં તેમની સારવાર થઈ રહી છે. નોંધનીય છે કે, નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાનું આ ગામ સ્ટેચ્યુ ઑફ યુનિટી ૧૦ કિલોમીટર ના અંતરે આવેલું છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ ચાપટ ગામને રસ્તાની સુવિધા નથી મળી. જ્યારે સ્ટેચ્યુ ઑફ યુનિટીના નામે કરોડો રૂપિયા વિકાસના નામે ખર્ચ કરવામાં આવે છે. આ પહેલાં પણ નર્મદા જિલ્લામાં ગરુડેશ્વર ચાપટ ગામના પાયલ વસાવાને રાત્રે પ્રસવ પીડા ઉપડી હતી અને ગામમાં રસ્તાના અભાવે કોઈ સરકારી વાહન આવી શકે તેમ નહતું, તેથી પરિવારે પ્રસૂતાને સાડીની ઝોળી બનાવી હૉસ્પિટલ લઈ જવાની તજવીજ હાથ ધરી. પરંતુ, પરિવારજનો પ્રસૂતાને હૉસ્પિટલ સુધી પહોંચાડે તે પહેલાં જ મહિલાએ જંગલમાં જ બાળકને જન્મ આપી દીધો. બાળકને જન્મ આપ્યા બાદ પરિવારજનો ફરી મહિલા અને બાળકને ઝોળીમાં નાખી હૉસ્પિટલ સારવાર માટે લઈ જવા નીકળી પડ્યા.

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાનું ચાપટ ગામ અંતરિયાળ જંગલ વિસ્તારમાં આવેલું છે. આ ગામમાંથી મુખ્ય રસ્તા સુધી પહોંચવા માટે ૧૦ કિલોમીટર સુધી જંગલમાંથી પસાર થવું પડે છે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).